॥ जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी ॥
જન્મભૂમિ
સૌરાષ્ટ્ર ટ્રસ્ટ પ્રકાશન

Mumbai 29 May, 2019

# ધરમપુરમાં શ્રીમદ્ રાજચંદ્ર મિશન દ્વારા શિક્ષણોપયોગી સાધનોનું રાહતદરે વિતરણ



શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણોપયોગી સાધનોનું રાહતદરે વિતરણ કરાયું

મુંબઈ : શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરના સંસ્થાપક ગુરુદેવ રાકેશભાઈની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ આરોગ્ય, શિક્ષણ, પર્યાવરણ આદિ અનેક ક્ષેત્રે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. શ્રીમદ્ રાજચંદ્ર શૈક્ષણિક સાધન સહાય પ્રોજેક્ટ અંતર્ગત છેલ્લાં ૧૫ વર્ષથી ધરમપુર, ગુજરાતનાં અન્ય શહેરો અને ગ્રામીણ વિસ્તારો તથા દેશનાં અનેક શહેરોમાં વિદ્યાર્થીઓને શિક્ષણોપયોગી સાધનો જેમ કે સ્કૂલ બૅગ, રાઈટિંગ પેડ, નોટબુક, કમ્પાસ બૉક્સ વગેરેનું રાહતદરે વિતરણ કરવામાં આવે છે. ગુરુદેવ રાકેશભાઈ પોતે આ કાર્યમાં જોડાય છે. સંસ્થાની વધુ માહિતી માટે ઉત્પલ મહેતાનો મો. નં. ૯૮૨૦૦૬૬૫૯૩ ઉપર સંપર્ક કરવો.